# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેયઃસર્વ જીવોનુ કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

## ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા અંર્તગત રૂબરૂ પ્રવેશ કાર્યક્રમઃ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯

કામધેનુ યુનિવર્સિટીમાં ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડેરી સંલગ્ન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ માટે રૂબરૂ કાઉન્સેલીંગ(પ્રથમ રાઉન્ડ) માટે નીચે જણાવેલ તરીખ અને સમયે મેરીટ પ્રમાણે રૂબરૂ પ્રવેશ કાર્યક્રમમાં તમામ અસલ પ્રમાણપત્રો, પ્રમાણિત નકલો, પ્રવેશ માટે ચકાસણી કરાવેલ ઓનલાઈન અરજી ફોર્મની નકલ તથા જરૂરી ફી સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| **અભ્યાસક્રમ : બી.ટેક. (ડેરી ટેકનોલોજી)** | |
|---|---|
| **રૂબરૂ પ્રવેશ કાર્યક્રમની તારીખ ૧૭/૦૭/૨૦૧૮, મંગળવાર** | |
| **રીપોર્ટીંગ સમય** | **મેરીટ** |
| સવારે ૯:૩૦ કલાકે થી ૧૦:૦૦ કલાક સુધી | ૧) અન્ય બોર્ડ મેરીટ ક્રમાંક ૦૧ થી ૦૯ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો **અને**<br>૨) ડીફેન્સ પર્સન મેરીટ ક્રમાંક ૦૧ થી ૦૨ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો **અને**<br>૩) દિવ્યાંગ ઉમેદવાર (PC) મેરીટ ક્રમાંક ૦૧ના ઉમેદવાર |
| સવારે ૧૦:૦૦ કલાકે થી બપોરના ૧૨:૦૦ કલાક સુધી | જનરલ મેરીટ ક્રમાંક ૦૧ થી ૨૩૬ માં સમાવેશ થયેલ તમામ ઉમેદવારો |
| બપોરે ૧૨:૩૦ કલાક થી ૦૧:૦૦ કલાક સુધી | ૧) અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના મેરીટ ક્રમાંક ૦૧ ના ઉમેદવાર<br>૨) અનુસૂચિત જાતિ (SC) કેટેગરીના ૦૧ થી ૦૯ મેરીટ નંબરમાં આવતા ઉમેદવારો |
| બપોરે ૦૧:૦૦ કલાક થી ૦૨:૦૦કલાક સુધી | સા.શૈ.પ.વ.(SEBC) કેટેગરીના ૦૧ થી ૧૦૦ મેરીટ નંબરમાં આવતા ઉમેદવારો |
| **: રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ સ્થળ :** | |
| **કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, બ્લોક–૧,<br>વિંગ–બી૧, ચોથો માળ, સેક્ટર ૧૦–એ,<br>ગાંધીનગર –૩૮૨૦૧૦.<br>ફોન : ૦૭૯–૨૩૨૨૦૭૧૩** | |

**નોંધ :– રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારો/વાલીશ્રીઓ માટેની અગત્યની સુચનાઓ નીચે આપવામાં આવેલ છે જેનો સંપૂર્ણ અભ્યાસ કરવા જણાવવામાં આવે છે.**

## બી.ટેક(ડેરી ટેકનોલોજી)ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા રૂબરૂ કાઉન્સેલિંગ માટે ઉપસ્થિત રહેનાર ઉમેદવારો માટે જરૂરી સૂચનાઓ

---

૧) ઉમેદવારોએ કાઉન્સેલીંગ હોલમાં મેરીટ મુજબ જ બેસવાનું રહેશે, ઉમેદવાર સાથે ફકત એક વાલીને જ પ્રવેશ મળશે. ત્યારબાદ ઉમેદવારોને મેરીટ નંબર મુજબ રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે.

૨) વિદ્યાર્થીઓ અને વાલીઓએ રૂબરૂ કાઉન્સેલિંગ દરમ્યાન આપવામાં આવનાર સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

૩) વિદ્યાર્થીઓએ કાઉન્સેલિંગમાં ઉપસ્થિત રહ્યા સબબ હાજરીપત્રકમાં ફરજીયાત સહી કરવાની રહેશે.

૪) રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ માટે ઉમેદવારને કોઈપણ પ્રકારનું ભાડાભથ્થુકે ખર્ચ ચૂકવવામાં આવશે નહી.

૫) રૂબરૂ કાઉન્સેલિંગ/મુલાકાત માટે બોલાવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની બાંહેધરી પ્રવેશ સમિતિ આપતી નથી.

૬) હેલ્પ સેન્ટર ખાતે ફોર્મ ચકાસણી કરાવતી વખતે જે અસલ પ્રમાણપત્રો રજૂ કરેલ હોય તે જ આધારો તરીકે સાથે રાખવાના રહેશે.

૭) મેરીટ નંબર મુજબ પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હશે અને ઉમેદવારો મોડા આવશે તો તેવા ઉમેદવારોને જે તે સમયે ચાલતા મેરીટ ક્રમ અને ખાલી રહેલ બેઠકની પરિસ્થિતિ મુજબ પ્રવેશ પ્રક્રિયામાં હાજર ગણવામાં આવશે.

૮) પ્રવેશ પ્રક્રિયા અંર્તગત સૌ પ્રથમ મેરીટ લીસ્ટ મુજબ જનરલ કેટેગરીના ઉમેદવારોને કોલેજ બેઠકોની સંખ્યા અનુસાર પ્રવેશ આપવામાં આવશે. આ દરમ્યાન અનામત કેટેગરીના ઉમેદવાર મેરીટમાં આગળ હશે તો તેમને નિયમાનુસાર જનરલ કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ અનામત કેટેગરીના ઉમેદવારને પોતાની પસંદગીની કોલેજમાં મેરીટ મુજબ જનરલ કેટેગરી હેઠળ પ્રવેશ ન મળતો હોય ત્યારે તેમની કેટેગરી હેઠળ તેમની પસંદગી મુજબની કોલેજમાં જેતે કેટેગરીનું મેરીટ લીસ્ટ ધ્યાને લઈ પોતાની અનામત કેટેગરી હેઠળ પ્રવેશ મેળવી શકશે.

૯) પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારે કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત કોલેજમાં પ્રવેશ મળ્યેથી તુંરત જ પ્રવેશ ફી રૂપિયા ૧૩,૭૦૦/– (અંકે રૂપિયા તેર હજાર સાતસો પૂરા) ભાઈઓ માટે અને બહેનો માટે રૂા.૮,૭૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર સાતસો પુરા) કાઉન્સિલીંગ સ્થળ પર જ (કેશ/ ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ) ભરવાની રહેશે તથા કામધેનુ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં પ્રવેશ મળ્યેથી તુંરત જ ભાઈઓ અને બહેનો માટે પ્રવેશ ફી રૂપિયા ૪૯,૯૫૦/–(અંકે રૂપિયા ઓગણપચાસ હજાર નવસો પચાસ પૂરા) કાઉન્સિલીંગ સ્થળ પર જ (કેશ / ડેબીટકાર્ડ / ક્રેડીટકાર્ડ)થી ભરવાની રહેશે. ફી ભરેલ હશે, તેવા જ ઉમેદવારોનો પ્રવેશ માન્ય ગણાશે તેની નોંધ લેવી.

૧૦) પ્રવેશ મળ્યેથી વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય તે કોલેજમાં ૩૧/૦૭/૨૦૧૮ સુધીમાં ફરજીયાત રીપોર્ટીંગ કરવાનું રહેશે અને રીપોર્ટીંગ ન કરનાર ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થશે. રીર્પોર્ટીંગ ન કરનાર વિદ્યાર્થીઓનો આ બાબતે કોઈ હકક દાવો રહેશે નહી. ખાલી રહેતી બેઠકો ભરવા માટે જરૂર જણાયે રીશફલીંગ રાઉન્ડ તથા બીજો કાઉન્સેલીંગ રાઉન્ડ યોજવામાં આવશે.

૧૧) ગેરહાજર રહેલ ઉમેદવારોને પ્રવેશ પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે નહી અને તે અંગે ઉમેદવાર કોઈ પણ પ્રકારનો હકક દાવો કરી શકશે નહી.

૧૨) પ્રવેશ પ્રક્રિયા અંગેના અંતિમ નિર્ણય કામધેનુ યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ સમિતિનો રહેશે.